પોરબંદરથી પ્રસિધ્ધ....

દ્વારકાથી દીવ દરિયાઇ પટ્ટીનું એક માત્ર અનોખું અખબાર

# ખબર જગત

સત્यं मम आयुघम् अस्ति ।

જયેશ વી. જોષી
તંત્રી-માલિક
મુદ્રક-પ્રકાશક

તા.૩૦-૦૧-૨૦૨૫, ગુરૂવાર

'ખબર જગત' સાથે જોડાવા માટે
નંબર ૬૩૫૧૬ ૭૭૯૧૭ પર HI લખી મોકલો

RNI No : GUJGUJ/2021/80622

ખબર મીડિયા હાઉસ, હરેક્રિષ્ના કોમ્પલેક્ષ, હોસ્પિટલ રોડ, પોરબંદર

Khabar Jagat | khabarporbandar@gmail.com

# પોરબંદર જિલ્લાની સહકારી દૂધ મંડળીઓ અને સભાસદોના જેડીસીસી બેંકમાં ખાતા ખોલાયા



## સહકારથી સમૃદ્ધિ અભિયાન અન્વયે દૂધ સંઘના ચેરમેન આકાશ રાજશાખાના નેતૃત્વ હેઠળ યોજાયો કાર્યક્રમ

**ખબરપત્રી**
**પોરબંદર**

પોરબંદરની સુદામા ડેરીમાં દૂધ ભરાવતાં સભાસદોના જિલ્લા સહકારી બેંકમાં ખાતા ખોલાવવામાં આવ્યા છે. ભારત સરકારના ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલા સહકારથી સમૃદ્ધિ અભિયાન અંતર્ગત પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ સાથે જોડાયેલી ૭૪૧ દૂધ મંડળી અને ૧૯૧૯૬ દૂધ ભરાવતાં સભાસદોના બેંક એકાઉન્ટ ઓપન કરાયા છે. દરેક ગામને સહકારી બેંક સાથે જોડવાના સંકલ્પ મુજબ પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા જૂનાગઢ જિલ્લા સહકારી બેંક મારફતે દૂધ સંઘ સાથે જોડાયેલી દૂધ મંડળીઓને ૧૦૦% સબસીડી દ્વારા ૧૩ દૂધ મંડળીઓને માઇક્રો એટીએમ આપવામાં આવ્યા છે. આ માઇક્રો એટીએમથી દૂધ મંડળીએથી જ રોકડ ઉપાડ, જમા, બેંક ટુ બેંક ટ્રાન્ફસર, લાઇટ બીલ, મોબાઈલ રિચાર્જ જેવી સર્વિસ ગ્રામ્ય કક્ષાએથી જ મળી શકશે. તેમજ પશુપાલકોને અને ખેડૂતોને બેંકમાં સીધુ દૂધ પેમેન્ટ જમાં થવાથી આવનારા સમયમાં પશુ ધિરાણ પણ સહકારી બેંક મારફત સરળતાથી મળી શકશે. આ પ્રસંગે પોરબંદર દૂધ સંઘના ચેરમેન ડો. આકાશ રાજશાખા, દૂધ સંઘના નોડલ ઓફિસર રવિભાઈ જોષી, ડેપ્યુટી મેનેજર ભરતભાઈ કુછડિયા, જૂનાગઢ જિલ્લા સહકારી બેંકના પ્રતિનિધી અને દૂધ મંડળીઓના પ્રમુખ, મંત્રી અને બેંક મિત્ર હાજર રહ્યાં હતાં. આ પ્રસંગે પોરબંદર દૂધ સંઘના ચેરમેન દ્વારા બાકી રહેતી દૂધ સહકારી મંડળીઓને દૂધ મંડળી અને તેના સભાસદોના બેંક ખાતા સહકારી બેંકમાં ખોલાવા અપીલ કરવામાં આવી છે. જેથી પોરબંદર જિલ્લાના તમામ ગામોમાં બેન્કીંગ સુવિધાઓ મળી શકે.

# કુતિયાણાની સુદામાડેરીના લીધે પોરબંદર જિલ્લામાં આવી જબરી શ્વેતક્રાંતિ

## કે.એચ. માધવાણી કોલેજના બી.બી.એ.ના વિદ્યાર્થીઓએ ઉદ્યોગગૃહની કરી ઈન્ડસ્ટ્રીયલ વિઝિટઃ છાત્રોમાં ઉદ્યોગસાહસિકતા, લીડરશીપ, ટીમબિલ્ડીંગ જેવા ગુણો વિકસે તેવા હેતુ સાથે થયુ આયોજન




પોરબંદરની માધવાણી કોલેજના બી.બી.એ.ના વિદ્યાર્થીઓએ સુદામા ડેરીની ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ કરી હતી ત્યારની તસ્વીર (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

પોરબંદરની માધવાણી કોલેજના બી.બી.એ.ના વિદ્યાર્થીઓને કુતિયાણાની સુદામા ડેરીની ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ કરી હતી.

પોરબંદરની કે.એચ. માધવાણી કોલેજના બી.બી.એ. (મેનેજમેન્ટ) સેમ-૨ના વિદ્યાર્થીઓએ કુતિયાણા સ્થિત સુદામા ડેરીની ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ કરી જે ખૂબ જ રોમાંચક ઉપયોગીસભર અને માહિતીપ્રદ રહી હતી. આ વિઝિટનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને અભ્યાસના ભાગરૂપે ડુઈંગ થ્રુ લર્નીંગ એન્ડ ઓબ્ઝર્વેશન પધ્ધતિ દ્વારા સૈધ્ધાંતિક જ્ઞાનની સાથે પ્રેક્ટીકલ નોલેજ મળી રહે તે ઉપરાંત વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા, લીડરશીપ, ટીમ-બિલ્ડીંગ વગેરે જેવા ગુણો ખીલે તે હેતુથી કરવામાં આવી હતી. પ્લાન્ટ પર ખૂબ જ ઉમળકાભેર ખીલે તે હેતુથી કરવામા આવી હતી. પ્લાન્ટ પર ખૂબ જ ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ વર્ષો જુના અને અનુભવી એવા ઉમેશ મોદી દ્વારા સમગ્ર પ્લાન્ટની સવિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સમગ્ર પ્લાન્ટ જર્મન ટેક્નોલોજી પર આધારિત ફુલી ઓટોમેટેડ પ્લાન્ટ છે. જેમાં રો-મિલ્કના કલેક્શનથી માંડીને પેશ્ચ્યુરાઈઝેશન, હોમોજીનાઈઝેશન, સેપરેશન, સ્ટાન્ડર્ડાઈઝેશન તેમજ પેકેજીંગ રૂમ, લેબોરેટરી રૂમ, પેકિંગ ડિપાર્ટમેન્ટ તેમજ વિવિધ પ્રકારની દૂધમાંથી બનાવવામાં આવતી ડેરી પ્રોડક્ટસ વગેરેની પ્રોડક્શન પધ્ધતિ અને મશીનરીઝ પ્રક્રિયાઓ ખૂબ જ સરળ અને રસપ્રદ રીતે સમજાવી હતી. ત્યારબાદ પ્લાન્ટના મેનેજર રાજેશ ઠુકરાલ દ્વારા વિદ્યાર્થી સાથે ઈન્ટરેક્શન દ્વારા તેમની જિજ્ઞાસાસભર પ્રશ્નોના જવાબ આપ્યા હતા. ત્યારબાદ પ્લાન્ટ આધારિત મેનેજમેન્ટ ક્વીઝ રમાડવામાં આવી હતી અને વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા. આ તકે મેનેજમેન્ટ વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ડો. આર.પી. કારાવાદરા પણ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને મોટીવેશનલ સ્પીચ આપી હતી. બી.બી.એ. ડિપાર્ટમેન્ટના પ્રો. પારમિતા મહેતા, ઈંગ્લીશ ડિપાર્ટમેન્ટના ડો. રમેશ કારાવદરા આ બંને યુવા અને ઉત્સાહી પ્રોફેસરોએ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. તેઓના દ્વારા સુદામા ડેરીના મેનેજમેન્ટ ટીમને સ્મૃતિચિહ્ન અને પ્રશંસાના પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા ત્યારબાદ બી.બી.એ. સેમ-૨માંથી ઓડેદરા જયના, મોઢવાડીયા હિરલ, નાંઢા જાન્વિ અને રાઠોડ ક્રિષ્ના દ્વારા વિઝીટનું ઈમ્પોર્ટન્સ, વિઝીટ દરમ્યાનના અનુભવો અને વોટ ઓફ થેન્કસ કરવામાં આવ્યુ હતુ.

આ તકે કોલેજના નવયુગ એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટી સામતભાઈ ઓડેદરા, કોલેજના પ્રિન્સિપાલ ડો. જે.એસ. રાબડી, વાઈસ પ્રિન્સિપાલ ડો. એ.બી. સવજાણી તથા તમામ વિભાગના વડાઓ અને પ્રોફેસરોએ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. ખાસ કરીને સુદામાડેરીના પ્લાન્ટ ઈન્ચાર્જ નાગાર્જુન પરમારનો સતત સહકાર સાંપડેલ હતો. આ સમગ્ર વિઝિટના પ્લાનીંગથી માંડીને ઈમ્પલીમેન્ટેશન માટે પ્રોજેક્ટ ગાઈડ પ્રો. ડો. મિલીષા સોનીએ ભારે જહેમત ઉઠાવી હતી. વિદ્યાર્થીઓ માટે આ એક કાર્યાનુભવ રસપ્રદ વિઝીટ બની રહી હતી.

---

**પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા**

# તેર દૂધ મંડળીઓને અપાયુ માઈક્રો એ.ટી.એમ.



કુતિયાણામાં આવેલ સુદામા ડેરી દ્વારા ૧૩ દૂધ મંડળીઓને માઈક્રો એ.ટી.એમ. આપવામાં આવ્યા (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

## રોકડ, ઉપાડ, જમા, બેન્ક ટ્રાન્સફર, લાઈટબીલ, મોબાઈલ રીચાર્જ જેવી સુવિધા ગ્રામ્યકક્ષાએ મળી શકશે

આજકાલ પ્રતિનિધિ

પોરબંદર

પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા તેર દૂધ મંડળીઓને માઈક્રો એ.ટી.એમ અપાયુ છે. જેમાં રોકડ, ઉપાડ, જમા, બેન્ક ટ્રાન્સફર, લાઈટબીલ, મોબાઈલ રીચાર્જ જેવી સુવિધા ગ્રામ્યકક્ષાએ મળી શકશે.

કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિતભાઈ શાહના 'સહકારથી સમૃધ્ધિ' અભિયાન અંતર્ગત પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ સાથે જોડાયેલ ૭૪૧ દૂધ મંડળીઓ અને ૧૯,૧૯૧ દૂધ ભરાવતા સભાસદોના ખાતા જિલ્લા સહકારી બેંકમાં ખોલાવવામાં આવેલ છે. કેન્દ્રીય સહકારીતા મંત્રી અમિતભાઈ શાહના દરેક ગામને સહકારી બેંક સાથે જોડવાના સંકલ્પ મુજબ પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા જુનાગઢ જિલ્લા સહકારી બેંક મારફત દૂધ સંઘ સાથે જોડાયેલ દૂધ મંડળીઓને ૧૦૦% સબસીડી દ્વારા ૧૩ દૂધ મંડળીઓને માઈક્રો એ.ટી.એમ. આપવામાં આવેલ છે. આ માઈક્રો એ.ટી.એમ.થી દૂધ મંડળીએથી જ રોકડ ઉપાડ, જમા, બેંક ટુ બેંક ટ્રાન્સફર, લાઈટબીલ, મોબાઈલ રીચાર્જ જેવી સર્વિસ ગ્રામ્યકક્ષાએથી જ મળી શકશે તેમજ પશુપાલકોને અને ખેડૂતોને બેંકમાં સીધુ દૂધ પેમેન્ટ જમા થવાથી આવનાર સમયમાં પશુધિરાણ પણ ઓછા વ્યાજથી સહકારી બેંક મારફત જ મળી શકશે. આ પ્રસંગે પોરબંદર દૂધ સંઘના ચેરમેન ડો. આકાશ રાજશાખા, દૂધ સંઘના નોડલ ઓફિસર રવિભાઈ જોષી, ડેપ્યુટી મેનેજર ભરતકુમાર પુછડીયા તેમજ જુનાગઢ જિલ્લા સહકારી બેંકના પ્રતિનિધિ અને દૂધ મંડળીઓના પ્રમુખ, મંત્રી અને બેંકમિત્ર હાજર રહ્યા હતા. આ પ્રસંગે પોરબંદર દૂધ સંઘના ચેરમેન દ્વારા બાકી રહેતી દૂધ સહકારી મંડળીઓને દૂધ મંડળી અને તેના સભાસદોના બેંક ખાતા સહકારી બેંકમાં ખોલાવવા અપીલ કરવામાં આવે છે.જેથી પોરબંદર જિલ્લાના તમામ ગામોમાં બેંકિંગ સુવિધાઓ મળી શકે.તેથી તેઓએ પણ દૂધ ઉત્પાદક સંઘનો આભાર માન્યો હતો.



પોરબંદરની માધવાણી કોલેજના બી.બી.એ.ના વિદ્યાર્થીઓએ સુદામા ડેરીની ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ કરી હતી ત્યારની તસ્વીર. (તસ્વીરઃ જિજ્ઞેશ પોપટ)

# કુતિયાણાની સુદામા ડેરીના લીધે પોરબંદર જિલ્લામાં આવી જબરી શ્વેતક્રાંતિ

## કે.એચ.માધવાણી કોલેજના બી.બી.એ.ના વિદ્યાર્થીઓએ ઉદ્યોગગૃહની કરી ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ

## છાત્રોમાં ઉદ્યોગસાહસિકતા, લીડરશીપ, ટીમબિલ્ડીંગ જેવા ગુણો વિકસે તેવા હેતુ સાથે થયુ આયોજન

(પ્રતિનિધિ દ્વારા) પોરબંદર,તા.૩૦

પોરબંદરની માધવાણી કોલેજના બી.બી.એ.ના વિદ્યાર્થીઓએ કુતિયાણાની સુદામા ડેરીની ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ કરી હતી.

પોરબંદરની કે.એચ. માધવાણી કોલેજના બી.બી.એ. (મેનેજમેન્ટ) સેમ-૨ના વિદ્યાર્થીઓએ કુતિયાણા સ્થિત સુદામા ડેરીની ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ કરી જે ખૂબજ રોમાંચક ઉપયોગીસભર અને માહિતીપ્રદ રહી હતી. આ વિઝિટનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને અભ્યાસના ભાગરૂપે ડુઈંગ વીથ લર્નીગ એન્ડ ઓબ્ઝર્વેશન પધ્ધતિ દ્વારા સૈધ્ધાંતિક જ્ઞાનની સાથે પ્રેક્ટીકલ નોલેજ મળી રહે તે ઉપરાંત વિદ્યાર્થીઓમા ઉદ્યોગસાહસિકતા, લીડરશીપ, ટીમ-બિલ્ડીંગ વગેરે જેવા ગુણો ખીલે તે હેતુથી કરવામાં આવી હતી. પ્લાન્ટ પર ખૂબજ ઉમળકાસભર ખીલે તે હેતુથી કરવામા આવી હતી. પ્લાન્ટ પર ખૂબજ ઉમળકાસભર સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ વર્ષો જુના અને અનુભવો એવા ઉમેશ મોરી દ્વારા સમગ્ર પ્લાન્ટની સવિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સમગ્ર પ્લાન્ટ જર્મન ટેકનોલોજી પર આધારિત ફુલ્લી ઓટોમેટેડ પ્લાન્ટ છે. જેમાં રો-મિલ્કના કલેકશનથી માંડીને પેસ્ચ્યુરાઈઝેશન, હીમોજીનાઈઝેશન, સેપરેશન, સ્ટાન્ડર્ડાઈઝેશન તેમજ કન્ટ્રોલીંગ રૂમ, લેબોરેટરી રૂમ, પેકિંગ ડિપાર્ટમેન્ટ તેમજ વિવિધ પ્રકારની દૂધમાંથી બનાવવામાં આવતી ડેરી પ્રોડકટસ વગેરેની પ્રોડકશન પધ્ધતિ અને મશીનરીઝ પ્રક્રિયાઓ ખૂબજ સરળ અને રસભરી રીતે સમજાવી હતી. ત્યારબાદ પ્લાન્ટના મેનેજર રાજેશ શુકવાલ દ્વારા વિદ્યાર્થી સાથે ઈન્ટરેકશન દ્વારા તેમની જિજ્ઞાસાસભર પ્રશ્નોના જવાબ આપ્યા હતા. ત્યારબાદ પ્લાન્ટ આધારિત મેનેજમેન્ટ ક્વીઝ રમાડવામાં આવી હતી અને વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા હતા.

આ તકે મેનેજમેન્ટ વિભાગના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ ડો. આર.વી. કેશવાલા પણ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને મોટીવેશનલ સ્પીચ આપી હતી. બી.બી.એ. ડિપાર્ટમેન્ટના પ્રો. પારમિતા મહેતા, ઈંગ્લીશ ડિપાર્ટમેન્ટના ડો. રામદે કારાવદરા આ બંને યુવા અને ઉત્સાહી પ્રોફેસરોએ ઉપસ્થિત રહીને વિધ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. તેઓના દ્વારા સુદામા ડેરીના મેનેજમેન્ટ ટીમને સ્મૃતિચિહ્ન અને પ્રશંસાના પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા ત્યારબાદ બી.બી.એ. સેમ-૨માંથી ઓડેદરા પાયલ, મોકરીયા હિરલ, નાંઢા ઋત્વિક અને રાઠોડ પ્રિન્સ દ્વારા વિઝીટનું ઈમ્પોર્ટન્સ, વિઝીટ દરમ્યાનના અનુભવો અને વોટ ઓફ થેન્કસ કરવામાં આવ્યુ હતુ.

આ તકે કોલેજના નવયુગ એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટી સામતભાઈ ઓડેદરા, કોલેજના પ્રિન્સિપાલ ડો. જે.એસ. રામદત્તી, વાઈસ પ્રિન્સિપાલ ડો. એ.બી. સવજાણી તથા તમામ વિભાગના વડાઓ અને પ્રોફેસરોએ વિધ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.ખાસ કરીને સુદામાડેરીના પ્લાન્ટ ઈન્ચાર્જ નાગાર્જુન પરમારનો સતત સહકાર સાંપડેલ હતો.

આ સમગ્ર વિઝિટના પ્લાનીંગથી માંડીને ઈમ્પલીમેન્ટેશન માટે પ્રોજેક્ટ ગાઈડ પ્રો. ડો. બિંદીયા સોનીએ ભારે જહેમત ઉઠાવી હતી. વિધ્યાર્થીઓ માટે આ એક કાર્યાનુભવ સ્મરણીય વિઝીટ બની રહી હતી.